જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૬/૧૧/૨૦૧૬ બુધવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૨૧૧૦/૧૬

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૮ કેસ કરી, ૨૫ વ્યક્તિઓને ઝડપી ૧૦૪ લીટર દેશી દારૂ, ૫૪ બોટલ ઈંગ્લીશ દારૂ અને ૧ એક્ટીવા કબજે કરી હતી.

## તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૨૧૧૧/૧૬

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૪૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પાસા હેઠળ ૦૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

## છેતરપીંડીની ફરીયાદઃ- સમાચાર યાદી નં.૨૧૧૨/૧૬

**સોલા હાઇકોર્ટ** : ગોદાવરીબહેન પારસમલ કુલવારી (રહે, સેક્ટર-૧ ચાણક્યપુરી ઘાટલોડીયા) એ તા.૧૫/૧૧/૧૬ નારોજ સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે આજથી ત્રણેક વર્ષ પહેલાથી આજદિન સુધીના સમયગાળા દરમ્યાન આરોપી રાઘવેંદ્રકુમાર ઉર્ફે રાજુ રઘુનાથજીપ્રસાદ શર્મા (રહે, રાજસ્થાન સોસાયટી, અનિલ સ્ટાર્ચ મીલ રોડ, બાપુનગર) એ ગોદાવરીબહેનનો વિશ્વાસ અને ભરોસો જીતી, અલગ-અલગ સમયે ગોદાવરીબહેન પાસેથી રોકડ રકમ અને સોના-ચાંદીનાં દાગીના મળી કુલ રૂપિયા ૯૯ લાખ ૯૦ હજાર ની મતા મેળવી લઇ, ગોદાવરીબહેનને રૂપિયા તથા દાગીના પરત નહીં આપી ગોદાવરીબહેન સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.ઈ. શ્રી ડી.વી.રાણા ચલાવે છે.

## લુંટની ફરીયાદ :- સમાચાર યાદી નં.૨૧૧૩/૧૬

**કાગડાપીઠ** : જયંતિભાઇ જેતાભાઇ ચૌધરી (ઉ.વ.૨૧)(રહે,ગામઃ કોટડા કુષ્ણનગર તા.લાખાણી જિ, બનાસકાંઠા) એ કાગડાપીઠ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૪/૧૧/૧૬ રાતનાં ૧૧/૩૦ થી તા.૧૫/૧૧/૧૬ ના કલાક ૦૦/૪૫ વાગ્યા દરમ્યાન એક ઓટોરીક્ષામાં આવેલ ત્રણ અજાણ્યા ઇસમો (૨૫ વર્ષ આશરાનાં) એ ભેગામળી જયંતીભાઇને રીક્ષામાં પેસેન્જર તરીકે બેસાડી, રીક્ષાની પાછળ બેઠેલ બંને ઇસમોએ ચપ્પુથી તથા લોખંડના સળીયાથી જયંતિભાઇનાં બંને પગે ઇજાઓ કરી, જયંતિભાઇનાં બે મોબાઇલ ફોન કિંમત રૂપિયા ૧૫,૦૦૦/- અને રોકડ રૂપિયા ૨,૫૦૦/- મળી કુલ રૂપિયા ૧૭,૫૦૦/- મતાની લુંટ કરી પલાયન થઇ ગયા છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એન.કે.ડાભી ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

## <u>ગાડીનો કાચ તોડી ચોરીઃ-</u> <u>સમાચાર યાદી નં.૨૧૧૪/૧૬</u>

**નરોડા** : મોહનલાલ જમટલાલ વાસવાણી (રહે.સનવિલા-ર ટોયેટા શોરૂમની સામે નાના ચિલોડા નરોડા) એ તા.૧૫/૧૧/૧૬ ના કલાક ૧૦.૪૫ વાગ્યાથી ૧૧.૧૫ વાગ્યા દરમ્યાન નાનાચિલોડા રિધ્ધી સિધ્ધી એવન્યુમાં આવેલ એસ.બી.આઇ.બેન્કની જીઆઇડીસી શાખા આગળ રોડ ઉપર પોતાની વેગેનાર ગાડી પાર્ક કરી હતી. જે ગાડીનાં ડ્રાઇવર સાઇડનાં દરવાજાનો કાચ તોડી, ગાડીની ડેકીમાં રાખેલ રોકડા રૂપીયા ૮૦,૦૦૦/- અને પાસબુક મુકેલ થેલીની અજાણી વ્યક્તિ ચોરી કરી લઇ ગઇ છે. આ અંગેની ફરીયાદ મોહનલાલ વાસવાણી એ નરોડા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી ડી.પી.સોલંકી ચલાવે છે.

## <u>વાહન અકસ્માતમાં મૃત્યુઃ-</u> <u>સમાચાર યાદી નં.૨૧૧૫/૧૬</u>

**"જે" ટ્રાફીક પોલીસ સ્ટેશન** : યોગેશભાઇ પરસુમલ સિંધી (ઉ.વ.૨૮) (રહે.જીગ્નાશા સોસાયટી, જીવરાજ પાર્ક) તા.૧૫/૧૧/૧૬ નાં કલાક ૯/૨૦ વાગ્યાનાં સુમારે નારોલ થી ઇસનપુર તરફ જતાં રિલાયન્સ પેટ્રોલપંપ પાસે, વજનકાંટા સામે રોડ ઉપરથી પોતાનું એક્ટીવા પ્લેઝર ચલાવી પસાર થઇ રહ્યા હતા દરમ્યાન એક ટ્રકટર નંબર જીજે.૦૧.એ.યુ.૮૩૫૨ ના ચાલકે પોતાનું વાહન બેદરકારીથી ચલાવી લાવતાં, યોગેશભાઇને ટક્કર વાગતાં, શરીરે માથાનાં ભાગે અને છાતીનાં ભાગે ગંભીર ઇજાઓ થઇ હતી. સારવાર અર્થે તેમને એલ.જી.હોસ્પીટલમાં દાખલ કર્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન કલાક ૧૨/૩૦ વાગે તેમનુ મૃત્યુ નિપજ્યું હતુ. આ અંગેની ફરીયાદ મૃત્યુ પામનાર યોગેશભાઇની બહેન સંગીતાબહેન પટેલે "જે" ટ્રાફીક પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ ઇન્ચાર્જ પો.ઈ.શ્રી જે.એમ.ચાવડા ચલાવે છે.

## <u>આત્મહત્યાઃ-</u> <u>સમાચાર યાદી નં.૨૧૧૬/૧૬</u>

**ઘાટલોડીયા** : રામાભાઇ ધરમદાસ વાલેચા (ઉ.વ.૪૫)(રહે,રત્નદીપ ટાવર ઘાટલોડીયા) એ કોઇ અગમ્ય કારણસર તા.૧૫/૧૧/૧૬ સાંજનાં ૫/૦૦ વાગ્યાનાં સુમારે પોતાના ઘરે રૂમમાં સીલીંગ ફેન સાથે કપડુ બાંધી ગળે ફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે ઘાટલોડીયા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી સવજીભાઇ તળજાભાઇ ચલાવે છે.

**નાયબ પોલીસ કમિશનર,**
**કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.**
**પોલીસ કમિશનર વતી.**



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)